ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૩-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

વિચારો-સમાચારોની અભિવ્યક્તિ સકારાત્મક છે અને રહેશે

'ગાંધીનગર સમાચાર' આજે તેના આયખાના અઠ્ઠાવીસ વર્ષ પૂરા કરી ઓગણત્રીસમા વર્ષમાં પ્રવેશે છે. ગઈકાલે, આજે અને આવતીકાલે સમાચાર માધ્યમોની ભૂમિકા મહત્વની હતી, છે અને રહેશે. ચોથી જાગીર ગણાતા સમૂહ માધ્યમો સમાજ અને દેશ માટે વિકાસનું અભિન્ન અંગ છે. 'ગાંધીનગર સમાચાર' આ વિચારબીજ સાથે આરંભાયું - આજથી અઠ્ઠાવીસ વર્ષ પહેલાં. સમાજ અને શાસન વચ્ચે સેતુ બનવાના સંકલ્પ સાથે 'ગાંધીનગર સમાચાર' નિષ્પક્ષ અને નિર્ભિક વિચારો, સમાચારોના વાહક બનવામાં ગૌરવ અનુભવે છે. સકારાત્મક અભિગમ સાથે સતત કાર્યરત 'ગાંધીનગર સમાચાર' મૂલ્યનિષ્ઠ પત્રકારિતા માટે પ્રતિબદ્ધતા વધુ વખત જાહેર કરે છે. સમાજની ઉજળી બાજુને વધુ ઉજ્જવળ બનાવવા ઉદ્દીપકની ભૂમિકા બજાવવાનું અમને ગમે છે. જોડવાની વાતને વ્હાલથી વધાવીએ છીએ અને તોડવાની વાતને તણખલાની માફક ફગાવીએ છીએ. 'ગાંધીનગર સમાચાર' ને રસ છે - વ્યક્તિ નિર્માણમાં. અમને શ્રદ્ધા છે - ઉજ્જવળ આવતીકાલમાં. અમારૂ લક્ષ છે - સંવેદનશીલ સમાજરચના. ઘસાતી જતી સંવેદનશીલતાને પુનઃ પ્રસ્થાપિત કરવા લાગણીના મેળાનો મહિમા આલેખવાનું 'ગાંધીનગર સમાચારે' હંમેશા પસંદ કર્યું છે, અને રહેશે.

બદલાતા સમયના પ્રવાહમાં સ્પર્ધાત્મક માહોલની વચ્ચે પણ સર્જનાત્મક પત્રકારત્વને ટકાવી રાખવાનો અમારો નમ્ર પ્રયાસ અવિરત રહેશે. પડકારો અનેક છે, પંથ લાંબો છે, લક્ષ સ્પષ્ટ છે, હૈયે વિશ્વાસ છે, ટીમ મજબૂત છે, વિચાર શુદ્ધ છે, આચાર સ્પષ્ટ છે, આશિષ ઈશ્વરના છે. એટલે સંકલ્પોને સાકાર કરવામાં કોઈ વિઘ્ન નહિ આવે એવો વિશ્વાસ છે. 'ગાંધીનગર સમાચાર'ને વાચકોનો પ્રેમ અપ્રતિમ પ્રાપ્ત થયો છે, આજ 'ગાંધીનગર સમાચાર'ની મૂડી છે. રોજે રોજ પ્રોત્સાહક પ્રતિસાદ સાથે આરંભાતી દૈનિક સમાચાર યાત્રાને વધુ ગતિ મળે છે. વધુ જોમ અને જુસ્સો મળે છે. અમારી વાચક નિષ્ઠા મજબૂત બને છે, અમારી ભૂલો વાચકો ઉદારતાથી માફ કરે છે, ક્ષમ્ય ગણે છે. કારણ કે, 'ગાંધીનગર સમાચાર' પોતાનું ગણે છે. ભૂલ સુધારવાનું સૂચન કરે, ટપારે, ધ્યાન રાખવાનું જણાવે. આ બધુ જ પારિવારિક માહોલને મજબૂત કરે છે. 'ગાંધીનગર સમાચાર'નો પરિવાર એટલે તેના હજારો વાચકો, સેંકડો વિજ્ઞાપન દાતાઓ, એજન્ટો, ખબરપત્રીઓ અને સ્ટાફ પરિવાર. એક મજબૂત વિચારની આસપાસ જીવન ઘડતર કરે છે. આખો પરિવાર માને છે સમાજની ઉજળી બાજુને ઉપસાવીએ અને નબળી બાજુને ફગાવીએ. સૌની નિષ્ઠા એક છે, ધ્યેય એક છે, માર્ગ એક છે, માહોલ એક છે. અને એટલે જ 'ગાંધીનગર સમાચાર' ધીમી પણ મજબૂતાઈથી, મક્કમતાથી ગતિ કરે છે. આજની ઓગણત્રીસમી વર્ષગાંઠે સૌ પરિવારજનોને પ્રણામ પાઠવી મૂલ્ય નિષ્ઠ પત્રકારિત્વની રખેવાળી માટે શક્તિ અને દૃષ્ટિ પ્રગટતી રહે એવો આશીર્વાદની અભિલાષા વ્યક્ત કરીએ છીએ.

શહેરમાં બોર્ડની પરીક્ષાઓનો જામી રહેલો માહોલ

શુભેચ્છા આપવા સગાસંબંધીઓનો ધસારો વૉટસએપને કારણે ઘણા વાલીઓએ રાહતનો દમ લીધો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સહિત સમગ્ર રાજયમાં ધોરણ દસમા અને બારમાની બોર્ડની પરીક્ષાઓ આંગણે આવીને ઉભી રહી છે. શહેરમાં પરીક્ષાનો માહોલ જામી ગયો છે અને પરીક્ષાર્થીઓને આડોશી-પાડોશીઓ, સગા વ્હાલાઓ, મિત્રો અને શુભેચ્છકોદ્વારા શુભેચ્છાઓ પાઠવવાનો સિલસિલો ચાલુ થઈ ગયોછે. ગાંધીનગર સમાચાર પણ બોર્ડની પરીક્ષાના પરીક્ષાર્થીઓને શૈક્ષણિક જીવન અને કારકિર્દી ઘડતર માટે અતિ મહત્વની આ પરીક્ષાઓમાં જવલંત સફળતા મળે તે માટે અંતઃકરણ પૂર્વક શુભેચ્છાઓ પાઠવેછે.

શિક્ષણ ખાતા દ્વારા બોર્ડની પરીક્ષાઓ નિર્વિઘ્ને પાર પડે તે માટે સઘન તૈયારીઓ કરવામાં આવી છે. તો બીજી તરફ પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ પણ કોઈ કચાશ ના રહી જાય તે માટે દિવસ રાત એક કરી હલ્યા છે. જે ઘરમાં બોર્ડની પરીક્ષાના પરીક્ષાર્થી સંતાનો છે તે ઘરમાં વાલીઓ-મા બાપની પણ આકરી કસોટી લેવાઈ જાય છે. વાલીઓને એક તરફ અતિ મહત્વની પરીક્ષા હોવાના કારણે સંતાનો પ્રેશરના ભોગ બને નહીં અને સ્વસ્તાપૂર્વક પરીક્ષા આપી શકે તે માટે બાળકનું શારિરીક અને માનસિક સંતુલન જાળવવા નાનામાં નાની બાબતોનું ધ્યાન રાખવુંપડેછે તો બીજી તરફ તેમના સંતાનોને 'બેસ્ટ ઓફ લક' કહેવા આવતા સગા સંબંધીઓ, પાડોશીઓ, શુભેચ્છકો કે મિત્રોના કારણે બાળકનો વધુ સમય ના બગડે અને શુભેચ્છકોને ખોટું પણ ના લાગે અને તેમની આગતા-સ્વાગતા જળવાઈ રહે તેની પણ કાળજી લેવી પડી રહી છે.

છેલ્લા કેટલાક વર્ષોથી બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારીઓના છેલ્લા સમયે 'બેસ્ટ ઓફ લક' કહેવાનો રિવાજ શરૂ થયેલો જ હજુ પણ બરકરાર જળવાયો છે. શુભ આશયથી શરૂ થયેલો આ રિવાજ ધીમેધીમે પ્રથામાં પરિણમ્યો છે અને તેની સાથે પરીક્ષાર્થીને ભેટ-ગીફટ આપવાની પ્રથા પણ ઉમેરાઈ છે. શુભેચ્છા ગીફટમાં પરીક્ષાર્થીને રોકડ રકમ ઉપરાંત ચોકલેટ, ફુલ, પેન, કિ-ચેઈન, કંપાસ બોકસ, પેડ, કેલક્યુલેટર અને જો પરીક્ષાર્થી છોકરી હોય તો ક્યારેક પર્સ કે ટેડી બીએર જેવા સોફટ ટોયઝ આપવાનો પણ શિરસ્તો જોવામાં આવી રહ્યો છે. ઘણા લોકો બાળકોને શુભેચ્છા આપવામાં પ્રમાણભાન રાખવાનું ચુકી જાય છે અને વિદ્યાર્થીનો અતિ મહત્વનો સમય ડિસ્ટર્બ કરી બેસે છે તેવી પણ કેટલાક વાલીઓમાં ફરિયાદ જણાઈ આવી છે. જો કે અત્યારના સમયમાં સોશ્યલ મીડીયા જેવા કે ફેસબુક, ટવીટર અને ખાસ કરીને વૉટસ એપના આવવાથી હવે કેટલાક શુભેચ્છકો તેના પર શુભેચ્છાઓ પાઠવી પોતાની ફરજ પુરી કર્યાનો સંતોષ માણવા લાગતા વાલીઓ અને વિદ્યાર્થીઓને થોડીક રાહતની અનુભૂતિ થવા પામી છે. રૂબરૂ શુભેચ્છા પાઠવવા આવનારા મહેમાનો ક્યારેક વધુ પડતી શિખામણો કે ટીપ્સ આપવામાં બાળક પર 'ઈમોશનલ અત્યાચાર' કરી બેસે છે.

ગાંધીનગર સમાચારની બોર્ડના પરીક્ષાર્થીઓને શુભેચ્છાઓ

શૈક્ષણિક જીવન અને કારકિર્દી ઘડતર માટેના પ્રથમ પગથિયા સમાન બોર્ડની પરીક્ષા આપી રહેલા પરીક્ષાર્થી બાળકો પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા દબાણ અનુભવતા હોય છે. આ સમયે વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ અને માનસિક સ્વસ્થતા જાળવે તે ખૂબ અગત્યનું છે અને તે માટે 'ગાંધીનગર સમાચાર' આ બાળકોને થોડાક પરંતુ મહત્વના સૂચનો આપી પરીક્ષાના 'હાઉ'ને સરળતાથી હેન્ડલ કરવા મદદરૂપ બનવાના પ્રયાસો સાથે શુભેચ્છાઓ પાઠવે છે.

● વિદ્યાર્થીઓએ સૌ પ્રથમ પોતાને વાંચવા માટેનો સૌથી અનુકૂળ સમય કયો છે તે જાતે ઓળખી તે પ્રમાણે ટાઈમ મેનેજમેન્ટ કરવું જરુરી છે. વહેલી સવારનો સમય શાંતિ અને તાજગી પ્રદાન કરે છે પરંતુ એ જરુરી નથી કે દરેકને માટે અનુકૂળ હોય માટે આપના શ્રેષ્ઠ સમયને ઓળખો, તે માટે બીજાની નકલ ના કરો.

● વાંચતી વખતે સાથે બાઈટીંગ રાખવામાં વાંધો નથી પરંતુ તળેલા પદાર્થો કે કોલ્ડ ડ્રીંકસથી દૂર રહો તેનાથી તમારી આળસ વધી શકે છે. તેના બદલે તાજા ફળો, સલાડ કે દૂધ લેવાનું રાખો.

● સળંગ વાંચવા કરતા ૪૦-૪૫ મિનિટે વિરામ લો. આ દરમિયાન હળવો વ્યાયામ કરી હાથ પગ છુટા કરો અથવા અનુલોમ-વિલોમ જેવા સરળ યોગ દ્વારા સ્ફૂર્તિ પ્રાપ્ત કરો. બ્રેક દરમિયાન અન્ય સાહિત્ય વાંચવાને બદલે આંખો અને ચહેરાને સ્વચ્છ ઠંડા પાણીથી ધોઈ આરામ આપવો જોઈએ.

● વાંચતી વખતે આપની બેઠક યોગ્ય હોવી જરુરી છે. વધુ પડતી આરામ દાયક બેઠક પરીક્ષા સમયે પીઠનું કળતર ઉભું કરી શકે છે માટે વ્યવસ્થિત બેઠક લેવી અને ડોકને વધુ નમાવીને કે ઉંચી રાખીને વાંચન કરવું નહિ.

● વાંચતી વખતે સીધો આંખો પર પ્રકાશ આવે તેવી રીતે વાંચવા બેસવું નહિ કારણ કે તેનાથી આંખો જલદી થાકી જાય છે. પ્રકાશના કિરણો માથાના ઉપરથી કે પાછળથી આવે તે રીતે બેસવું વધારે આદર્શ સ્થિતિ ગણાય છે.

તમામ તકેદારીઓ રાખ્યા પછી પણ સૌથી અગત્યનું આપનો આત્મવિશ્વાસ અને માનસિક સ્વસ્થતા છે. જે ગુમાવવી નહીં. પરીક્ષા પહેલા નર્વસ થવાની ચિંતા કરવી નહીં. જાણીતા પારસી મોટીવેટર બી.એન. દસ્તૂરે કહ્યું હતું કે, 'નર્વસ થવું જરુરી છે તેનાથી મગજમાં એન્ડ્રોલીન નામના તત્વનો સ્ત્રાવ થાય છે અને તે તત્વ સારા પરફોર્મન્સ માટે ખુબ જ જરુરી છે.' છેલ્લે પરીક્ષાર્થીઓને એક જાણીતો શેર યાદ રાખવાની જરુર છે.

'રસ્તે પડયા તો રણ મહીં રસ્તા પડી ગયા, બેસી રહ્યા કિનારે તે ભૂલાં પડી ગયા.'

હરિની દૃષ્ટિ...

ભલે, મોંઘા ભાવનું બીજું ઘર લેવું પડે, હું આને પસ્તીમાં આપવા નહીં દઉં...!

શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા બોર્ડના પરીક્ષાર્થીઓને શુભેચ્છાઓ

ગાંધીનગર, તા. ૧૧

તા. ૧ ઉમી માર્ચથી શરૂ થઈ રહેલી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓ આપી રહેલા વિદ્યાર્થીઓને ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે. આ શુભેચ્છાઓ સાથે પરિષદ દ્વારા વિદ્યાર્થીઓને કેટલાક ઉપયોગી સૂચનો પણ કરવામાં આવ્યા છે.

જાગૃત નાગરિક પરિષદ દ્વારા પરીક્ષાર્થીઓને કરાયેલા સૂચનોમાં પરીક્ષા આપવા જાવ ત્યારે વડિલોના આશિર્વાદ અચૂક લઈને જવા તેમજ એક દિવસ અગાઉ પરીક્ષા કેન્દ્રની એકવાર મુલાકાત લેવા ભલામણ કરાઈ છે. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્ર પર જતી વખતે શાંત ચિત્તે વાહન ચલાવવા, જરૂરી સામગ્રી પેન, પેન્સિલ, રબર, સ્કેલ, કેલ્ક્યુલેટર વગેરે સાથે પરીક્ષાની રિસિપ્ટ યાદ કરીને લેવી. પેપર શાંતિ ચિત્તે ગભરાયા વગર લખવુ તેમજ સહેલા પ્રશ્નોના જવાબ પ્રથમ લખી દેવા, કોપી કરવાનું ટાળવુ, કોઈની સાથે ઝઘડા કે દલીલમાં ઉતરવુ નહી અને મગજને શાંત રાખવું, જાગૃત નાગરિક પરિષદે વિદ્યાર્થીઓને તેમણે પરીક્ષા માટે જે તૈયારીઓ કરી હોય તેના પર સંપૂર્ણ વિશ્વાસ રાખીને પરીક્ષા આપશો તો જળહળતી સફળતા મળશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો છે.

જન શિક્ષણ સંસ્થાએ મહિલા જાગૃતિ વિષય પર કાર્યક્રમો યોજ્યા

જિલ્લામાં શિક્ષણક્ષેત્રે સાક્ષરતા ફેલાવી સુગંધ ફેલાવતી જન શિક્ષણ સંસ્થા દ્વારા વિશ્વ મહિલા દિન નિમિત્તે ગાંધીનગર સબ સેન્ટર પર ઉજવણી કરવામાં આવી હતી. જન શિક્ષણ સંસ્થા દ્વારા તા. ૧૧ માર્ચના રોજ સબ સેન્ટર પર મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મહિલા મંડળના લતાબેન ચોકસી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મહિલાઓને વિવિધ વિષય પર જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. લતાબેન ચોકસીએ મહિલાઓને વિશ્વ મહિલા દિવસની જાણકારી આપી હતી. વધુમાં જણાવ્યુ હતુ કે મહિલાઓ શિક્ષણક્ષેત્રે ખુબ જ પાછળ છે. ત્યારે મહિલાઓએ શિક્ષણ મેળવી મેળવવું જોઈએ. અને અંધશ્રદ્ધાથી દૂર રહેવુ જોઈએ. મહિલાઓ સમાજમાં પુરૂષ સમોવડી બની ગઈ છે ત્યારે મહિલાઓએ સમાજમાં માથુ ઉંચુ કરીને સ્વમાનભેર જીવવુ જોઈએ. કાર્યક્રમમાં સંસ્થાના નિયામક દિનાબેન ચોકસી, ગાંધીનગર તાલુકા, પ્રોગ્રામ આસિસ્ટન્ટ શિલ્પાબેન દરજી અને ઈન્સ્ટ્રક્ટર નિલાબેન અને સંગીતાબેન ઉપસ્થિત રહ્યા હતા.

આજે પરીક્ષાર્થીઓ બેઠક વ્યવસ્થા જોઈ શકશે

ગાંધીનગર, તા. ૧૧

તા. ૧ ઉમી માર્ચથી શરૂ થનાર ધો.-૧૦ અને ધો.-૧૨ની પરીક્ષા સંદર્ભે પરીક્ષાર્થીઓ તેમની બેઠક વ્યવસ્થા તા. ૧૨ માર્ચના રોજ બેથી પાંચની દરમ્યાન જે તે પરીક્ષા સ્થળ જોઈ શકાશે. પરીક્ષા સાથે સંકળાયેલ કર્મચારી, પરીક્ષાર્થીઓ મોબાઈલ તથા વિજાણુ યંત્રો પરીક્ષા ખંડમાં રાખવાની સખત મનાઈ છે.

પરીક્ષા સંદર્ભ કોઈએ અફવાથી દોરવવું નહી. અફવા ફેલાવતા તત્વોની જિલ્લા શિક્ષણાધિકારીએ ૦૭૯ ૨૩૨૨૦૩૧૪, ૨૩૨૫૯૦૬૬ પર જાણ કરવી.

માધ્યમિક માટે ૨૪૬૮.૬૯ કરોડની અને ઉચ્ચતર માધ્યમિક માટે ૮૧૪.૫૪ કરોડની ગ્રાન્ટ ફાળવાતા શિક્ષણ આલમમાં આનંદનું મોજુ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે કે રાજય સરકારના નાણાં વિભાગ દ્વારા ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે ૮૧૪.૫૪ કરોડની અને માધ્યમિક વિભાગ માટે ૨૪૬૮.૬૯ કરોડની ગ્રાન્ટ ફાળવેલ છે. તમામ જિલ્લાના શિક્ષણાધિકારીઓની કચેરી દ્વારા જેટલી માંગવામાં આવી હતી તેટલી ગ્રાન્ટ ફાળવાતા મહામંડળે નાણા મંત્રી નીતિનભાઈ પટેલનો અને નાણાં વિભાગના તમામ અધિકારીઓનો આભાર માન્યો હતો.

ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શાળાઓના કર્મચારીઓ, શિક્ષકો, આચાર્યો વગેરેના પગાર તફાવત, રજા રોકડ રૂપાંતર, મેડીકલ બીલ, એલ.ટી.સી. બીલ, ઉચ્ચક સહાય અને તમામ એરિયર્સ બીલ અંગે માંગવામાં આવેલ ગ્રાન્ટ પરેપુરી રાજય સરકારના નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવી છે. આમ પુરેપુરી ગ્રાન્ટ ફાળવવાના કોઈ પણ શિક્ષકના બાકી લેણાં રહેશે નહી તેમજ તમામ એરિયર્સ બિલ પણ ચુકવાઈ જશે. ૬ માસથી માંડીને ૨ વર્ષ જુના શિક્ષકોના તમામ બાકી લેણાં બિલો પણ ચુકવાઈ જશે.

આ ઉપરાંત જો મોકલેલ બીલમાંથી જો કોઈ પુર્તતા કરવાની બાકી હોય તો જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળાને જાણ કરાશે. જેથી બાકીના સમયમાં પુર્તતા થઈ જાય અને માર્ચ પહેલા બીલો મંજુર થઈ જાય. પુરેપુરી ગ્રાન્ટ ફાળવાતા શિક્ષણ આલમમાં આનંદનું મોજું ફરી વળ્યું છે.

ભોયણ ખાતે રંગપૂરણી અને મહેંદી સ્પર્ધા યોજાઈ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે રામપુરા પ્રાથમિક શાળા ભોયણ ખાતે વનશ્રી ટ્રસ્ટ દ્વારા વિવિધ સ્પર્ધા યોજી ઉજવણી કરી હતી. શાળામાં મહેંદી સ્પર્ધા અને રંગપૂરણી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં મહેંદી સ્પર્ધામાં પ્રથમ, જાનકી ઠાકોર, દ્વિતીય ભાવના ઠાકર અને તૃતીય તેજલ ઠાકોર આવી હતી. તેમજ રંગપૂરણી સ્પર્ધામાં પ્રથમ પ્રિયંકા ઠાકોર દ્વિતિય સીમા ઠાકોર અને તૃતીય ક્રમે ધર્મિષ્ઠા ઠાકોર આવી હતી. તમામ સ્પર્ધકોને ઈનામ-પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આચાર્યા ભાવનાબેન પટેલ, કલ્પનાબેન પટેલ અને ટ્રસ્ટના અંજના નિમાવત ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ દૂરદર્શન ગૌરવવંતી મહિલાઓને ગિરનાર તેજસ્વિની પુરસ્કાર અર્પણ કરશે

ગાંધીનગર, તા.૧૧

૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે મનાવાયો. મહિલા દિવસના ઉપલક્ષમાં વિવિધ ક્ષેત્રની ગૌરવંતી મહિલાઓને દ્વિતીય ગિરનાર તેજસ્વિની પુરસ્કારથી દૂરગર્શન કેન્દ્ર અમદાવાદ સન્માનિત કરશે.

અમદાવાદ દૂરદર્શન દ્વારા દ્વિતીય ગિરનાર તેજસ્વિની સન્માન સમારંભ ૨૦૧૪ તા. ૧૪ માર્ચ સાંજે ૭-૦૦ કલાકે પદ્મભૂષણ શ્રીમતી કુમુદીની લાખિયા સુપ્રસિધ્ધ કથક-નૃત્યાંગના અને નૃત્ય સંચ્ચનાકારના અધ્યક્ષસ્થાને દૂરદર્શન કેન્દ્ર થલતેજ અમદાવાદ ખાતે યોજવામાં આવશે.

સમારોહમાં રસિલા વાઢેર-પ્રથમ રેસ્કયુ ફોરેસ્ટ ઓફિસર, ડૉ. કલાબેન શાહ-મેનોપોઝ માટે સેવા આપનાર, મોના પટેલ-રમત વીરાંગના (તરણ), વર્ષા પટેલ-પ્રથમ મહિલા બસ કંડક્ટર, શોભાબેન-પ્રથમ ગુજરાતી ટેલીવિઝન ઉદઘોષક, ડૉ મહેરુન્નિસા દેસાઈ-સમાજસેવિકા, દક્ષા યાજ્ઞિક-મહિલા ઉદ્યોગ સાહસિક, નિપૂણા તોરવણે-પ્રથમ ગુજરાતી આઈ.પી.એસ., અનુરાધા મલ્લ-પ્રથમ ગુજરાતી આઈ.એ.એસ. અને વસુબહેન-પ્રથમ ગુજરાતી સ્ત્રી નિયામક આકાશવાણી, લેખિકા અને સમાજ સેવિકાને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનવામાં આવશે.

આ પ્રસંગે શ્રીમતી દિપાચંદ્રા-આઈ.બી.પી.એસ. અધિક મહાનિર્દેશક દૂરદર્શન નવી દિલ્હી, જે.કે. ચંદિરા ઉપમહાનિર્દેશક-અમદાવાદ, શિવાજી ફુલ શંકર ઉપમહાનિર્દેશક, હિત દૂરદર્શન કેન્દ્ર થલતેજ અમદાવાદના પદાધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહેશે.

ડીઝાઈન સ્કૂલનું પ્રદર્શન ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક રાધેની ખાતે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ફયુચર્સ એકસપ્લોર્ડ દ્વારા ચાલતા ડીઝાઈન સ્કીલ વિષયમાં પ્રદર્શન યોજાયું હતું. ઈનોવેશન થીમ પર પ્રદર્શનમાં બાળકોએ કરેલી કામગીરી રજૂ કરી હતી. ફયુચર્સ એક સપ્લોર્ડમાંથી શશીનાયર તથા એશિયન પેસીફીક એનિમેશન એસોસીએશનના ચાઈના ડિપાર્ટમેન્ટમાંથી સભ્યો હાજર રહ્યા હતા. સ્કૂલના ટ્રસ્ટી રાજુભાઈ, આચાર્યા રંજનબેન તથા સ્ટાફ હાજર રહી વિદ્યાર્થીઓની પ્રવૃત્તિને બિરદાવી હતી.

સ્ટીવન સ્પીલબર્ગ એવો ચિત્રપટ સર્જક જેણે ડરને પોતાનો માન્યો

વિચારોનાં મધુવનમાં

મા. ડૉ. રાકેશ પટેલ

ઘરને બારી અને બારણું બંને હોય છે. કેટલાક ખમતીધર સર્જકો બારીમાંથી બહાર નીકળીને આખા જગતને માણવાનો પ્રયત્ન કરે છે. અને કેટલાક જીવડાઓ બારણાની તિરાડમાંથી જગતને જોવાનો ખોખલો પ્રયત્ન કરે છે. ફરક એટલો જ પડે છે કે.. જીવનનાં વર્ષોમાં તેઓ માત્ર ઘણુંબધું ભેગું કરી લેવાનાં નાદે ચડી જાય છે અને પછી ધરાઈને એવા પસ્તાય છે કે ઘડપણમાં જીવનની ભીખ માંગે છે.

સ્ટીવન સ્પીલબર્ગ એવા અમેરિકી ફિલ્મી સર્જક છે. જેણે વિચારવાની બારીને જ દિશા બદલી બારણું બનાવી નાખ્યું. (આઉટ ઓફ બોક્સ થિંકિંગ) એમનો શોખ અને ધૂન સમય જતાં દેશ અને દુનિયાને જુદી દિશામાં વિચારતા અને જોતા કરવા મજબૂત કર્યા. સ્ટીવન સ્પીલબર્ગ એલનનો જન્મ ડિસેમ્બર ૧૮, ૧૯૪૬માં થયો. તેઓ એક અમેરિકન ફિલ્મ દિગ્દર્શક, પટકથાલેખક, નિર્માતા, ધનાઢ્ય બિઝનેસમેન છે. ચાર કરતાં વધુ દાયકાની કારકિર્દીમાં સ્પીલબર્ગે અનેક વિષયો ઉપર ફિલ્મો બનાવી છે. સ્પીલબર્ગને પ્રારંભિક તબક્કે વિજ્ઞાન અને સાહસ ફિલ્મોનાં આધુનિક હોલિવુડની સફળ ફિલ્મનાં જાણકાર અને રચનાકાર માનવામાં આવ્યાં. પછીના વર્ષોમાં, તેમની ફિલ્મો જેમ કે હોલોકોસ્ટ, ટ્રાન્સએલાન્ટિક ગુલામ વેપાર, યુદ્ધ અને આતંકવાદ વગેરે માનવીય વિષયો ઉપર ફિલ્મો રચવાનું શરૂ કર્યું હતું. તેમને સિનેમા ઈતિહાસમાં સૌથી લોકપ્રિય અને પ્રભાવશાળી ફિલ્મ નિર્માતાઓ પૈકી એક ગણવામાં આવે છે. તેઓ ડ્રીમવર્કસ ફિલ્મ સ્ટુડિયોના સહસ્થાપક છે.

તેઓ ૧૯૬૫ના ઉનાળામાં તેમના પિતરાઈ ભાઈ સાથે યુનિવર્સલ સ્ટુડિયો જોવા ગયા. તેઓ એક ટ્રામમાં સવાર થઈ વિશાળ અને ભવ્ય યુનિવર્સલ સ્ટુડિયોમાં ફરી રહ્યા હતા. સ્ટીવન જે જગ્યા જોવા માંગતો હતો ત્યાં ટ્રામ રોકાતી નહોતી. બુદ્ધિ દોડાવી તેણે બાથરૂમ બ્રેકનો ઉપયોગ કરીને પ્રોડકશન હાઉસમાં જઈ પહોંચ્યો. ત્યાં ચુક સ્લીવર્સને મળ્યો. કશું વિચાર્યા વિના સ્પીલે પોતાની વાર્તા સંભળાવવાનું શરૂ કરી દીધું. લગભગ એક કલાક સુધી પેલા માણસે સ્પીલની વાર્તા સાંભળી અને તેનામાં રસ લીધો. બસ, પછી તો સ્પીલ માટે યુનિવર્સલ સ્ટુડિયોમાં આવવાનો પાસ કાઢી આપ્યો. સ્પીલે બનાવેલી આઠ એમ.એમ.ની ફિલ્મો જોઈને સ્લીવર્સ પ્રભાવીત થયા. ત્યાર પછી આખો ઉનાળો સ્ટીવન દરરોજ શૂટબૂટ પહેરી સ્ટુડિયો જતા. તેઓ રોજ નવા- નવા નિર્દેશકો લેખકો,- સંપાદકો અને તેમની ટીમને મળીને પોતાની વાર્તાઓ સંભળાવતા અને ફિલ્મો બતાવતા. થોડા જ વખતમાં તેમને એક ખાલી ઓરડો પણ મળી ગયો. જ્યાં તેમને વટથી પોતાનો અડિંગો જમાવી દીધો. એક દિવસ એક પ્લાસ્ટીકની નેમ પ્લેટ પણ ખરીદી લાવ્યા અને તેને ટીંગાડી દીધી. તેના ઉપર લખ્યું હતું. સ્ટીવન સ્પીલબર્ગ, રૂમ નંબર ૨૩ સી. હવે તેમને ઠેકાણું મળી ગયું હતું. અને તેમના પગલા એવા રસ્તે ઉપડી ગયા હતા જે સીધા લૉસ એન્જીલસ સ્થિત દુનિયાની સૌથી મોટી માયા નગરી હોલીવુડ તરફ જાય છે.

સ્પીલબર્ગની શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકે એકેડેમી એવોર્ડ વિજેતા ફિલ્મો **Schindler's List (1993), Saving Private Ryan (1998)** હતી. અને **Jaws (1975), E.T. the Extra- Terrestrial (1982), Jurassic Park (1993)** ફિલ્મોએ બોક્સ ઓફિસનાં તમામ રેકોર્ડ તોડી નાખ્યાં હતા.

સ્પિલબર્ગનો જન્મ એક યહૂદી પરિવારમાં સિનસિનાટી, ઓહિયો ખાતે થયો હતો. તેમની માતા લેહ આડલર એક રેસ્ટોરન્ટ અને કોન્સર્ટમાં પિયાનો વાદક અને તેમના પિતા આર્નોલ્ડ સ્પિલબર્ગ, કમ્પ્યુટર્સ ઈલેક્ટ્રીકલ એન્જિનિયર હતા. તેમણે એક થિયેટરમાં તેની પ્રથમ ફિલ્મ હેડોન ટાઉનશીપ, ન્યૂ જર્સીમાં જોઈ હતી. ૧૯૫૮માં ૧૨ વર્ષની ઉંમરે, ધી લાસ્ટ ગન ફાઈટર નામની નાનકડી ફિલ્મ બનાવી. ૧૩ વર્ષની ઉમરે એસ્કેપ ટુ નો વ્હેર, બનાવી અને તેમને તેના માટે પુરસ્કાર પણ મળ્યો. સ્પિલબર્ગ તેમની પ્રથમ સ્વતંત્ર ફિલ્મ **Firelight** કહેવાય છે. જે ૧૪૦ મિનિટની વિજ્ઞાન આધારિત સ્થાનિક સિનેમામાં બતાવ્યા પછી તેમાંથી યુએસ ડૉલર ૫૦૦ની બજેટ હતી. આ ફિલ્મ તેના સ્થાનિક સિનેમામાં બતાવ્યા પછી તેમાંથી એક ડૉલર નફો પેદા થયો હતો. આ ફિલ્મની કથા તેમના પિતાની વિશ્વયુદ્ધ કથાઓ દ્વારા પ્રેરિત ફિલ્મ કરી હતી.

૧૯૬૭માં પોતાનો અભ્યાસ પૂર્ણ કરવા માટે લૉંગબીચ સ્થિત કેલીફોનિયા સ્ટેટ યુનિવર્સિટીમાં દાખલ થઈ ગયા. આ માત્ર ઔપચારિકતા જેવો જ પ્રવેશ હતો. કારણ કે તેમનો સાચો અભ્યાસ તો યુનિવર્સલ સ્ટુડિયોમાં થઈ રહ્યો હતો. અઠવાડિયાનાં બે દિવસ તેઓ કોલેજ અને ત્રણ દિવસ સ્ટુડિયોમાં જતા.

સ્પીલબર્ગને ૧૯૬૩માં સોળ વર્ષની વયે તેમના માતાપિતાના છૂટાછેડા પછી, તે તેના પિતા સાથે સારાટોગા, કેલિફોર્નિયા ખસેડવામાં આવ્યો. તેમની ત્રણ બહેનો અને માતા એરિઝોનામાં રહી હતી. તેમણે ત્રણ વર્ષ માટે એરિઝોના ફોનિકસમાં, આર્કેડીયા હાઈસ્કુલમાં હાજરી આપી. સ્પિલબર્ગ ૧૯૬૫માં સારાટોગા હાઈસ્કૂલમાંથી પાસ થયા.

એક બાળક તરીકે, સ્પિલબર્ગે અન્ય બાળકો દ્વારા ઝ્યુ હોવાને લીધે મુશ્કેલી સામનો કરવો પડ્યો હતો. કેલિફોર્નિયા તરફ સ્થળાંતર કરતા, તેમણે થિયેટર, ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઓફ સધર્ન કેલિફોર્નિયા સ્કૂલ ઓફ યુનિવર્સિટી બે અલગ સમયે ફિલ્મ શાળામાં હાજરી માટે અરજી કરી હતી. પરંતુ નિષ્ફળ હતી. ત્યારબાદ કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટી લોંગ બીચ ખાતે વિદ્યાર્થી બન્યા હતા.

સફળતાનાં કાંગરા ઊંચે ઉડાડી દેનારી મહેનતનાં પાયા ઉપર જ શોભે છે. સ્ટીવને પોતાની રીતે આ ગૂઢ રહસ્યને સમજી લીધું હતું. હું